# મહિલા ક્રિકેટમાં ગોલ્ડ, બેડમિન્ટન, વુશુમાં મિશ્ર પરિણામો, TTમાં બંને ટીમ હારી

**મહિલા** ક્રિકેટ ટીમે ખંડીય પ્રભુત્વ જાળવી રાખીને ફાઇનલમાં શ્રીલંકાને 147 રને હરાવી ગોલ્ડ જીત્યો, પાકિસ્તાને બ્રોન્ઝ જીત્યો

**બેડમિન્ટનમાં** મહિલા ટીમ જાપાન સામે હારીને બહાર, જ્યારે પુરુષ ટીમે જાપાનને હરાવીને ઓછામાં ઓછો બ્રોન્ઝ પાકો કર્યો

**વુશુમાં** રોશિબિના દેવીએ મેડલ પાકો કરી લીધો, બોક્સિંગમાં સાક્ષી અને જદુમણી અંતિમ આઠમાં, જિમ્નાસ્ટ પ્રણતિ ફાઇનલમાં

*નાગોયા/નિશિન, તા. 22 : ભારતીય મહિલા ક્રિકેટ ટીમે એશિયન ગેમ્સ 2026માં દેશને પહેલો ગોલ્ડ મેડલ અપાવવાની સાથે ખંડીય પ્રભુત્વ જાળવી રાખ્યું છે, જ્યારે પુરુષોની બેડમિન્ટન ટીમે જાપાનને હરાવીને મહિલા ટીમની બહાર નીકળવાની અને મંગળવારે શૂટર્સ માટે નિરાશાજનક દિવસની ભરપાઈ કરી હતી. બેડમિન્ટન અને વુશુમાં પણ મેડલ નિશ્ચિત થયા, જ્યારે પુરુષોની હોકી ટીમે પુલ મેચમાં શ્રીલંકાને 16-1થી કચડીને વધુ એક પ્રભાવશાળી વિજય નોંધાવ્યો. પુરુષોની બેડમિન્ટન ટીમે જાપાનને હરાવીને ઓછામાં ઓછો બ્રોન્ઝ મેડલ પાકો કર્યો હતો. વુશુમાં, રોશિબીના દેવી નાઓરેમે મહિલા 60 કિગ્રા કેટેગરીની સેમી ફાઇનલમાં પહોંચીને ભારત માટે મેડલ સુરક્ષિત કર્યો. તેણે ક્વાર્ટર ફાઇનલમાં મકાઉની યુ માન સિનને હરાવી હતી. બેડમિન્ટનમાં પુરુષોની સફળતા પહેલા, મહિલા ટીમને જાપાન સામે 1-3થી હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતીય બોક્સરોમાં સાક્ષી ચૌધરીએ પેરિસ ઓલિમ્પિક્સ બ્રોન્ઝ મેડલિસ્ટ ફિલિપાઇન્સની આયરા વિલેગાસને 5-0 થી હરાવીને મહિલા 51 કિગ્રા વર્ગમાં મોટો અપસેટ સર્જીને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો, જ્યારે પુરુષોમાં, જદુમણી સિંહ (55 કિગ્રા) પણ નેપાળના ચંદ્ર બહાદુર થાપા સામે 5-0 થી વિજય મેળવ્યો. એશિયન ગેમ્સમાં ભાગ લેનાર ભારતની એકમાત્ર જિમ્નાસ્ટ, પ્રણતિ નાયક, કલાત્મક જિમ્નાસ્ટિક્સ ઇવેન્ટમાં સાતમા સ્થાને રહીને વોલ્ટ ફાઇનલ માટે ક્વોલિફાય થઈ. ભારતીય મહિલા અને પુરુષ ટેબલ ટેનિસ ટીમ અનુક્રમે ક્વાર્ટર ફાઇનલ અને પ્રિ ક્વાર્ટર ફાઇનલમાં કોરિયા સામે હારને બહાર થઇ ગઇ હતી. મંગળવારે ભારતના શૂટિંગ અભિયાનને થોડો ઝટકો લાગ્યો જ્યારે ઇલાવેનિલ વાલારિવન અને કિશોરવયના શૂટર પાર્થ માને સારી શરૂઆતને મેડલમાં રૂપાંતરિત કરવામાં નિષ્ફળ ગયા, જોકે, સ્કીટ શૂટિંગમાં, અનંતજીત સિંહ નારુકા ૧૦૦ માંથી ૯૬ ના સ્કોર સાથે એશિયન ગેમ્સના ફાઇનલમાં સ્થાન મેળવવાની રેસમાં રહ્યો.*

## એશિયાડમાં આજનું ભારતનું શેડ્યુલ

**રોઈંગ :** પુરુષોની ડબલ સ્કલ્સ હીટ 3 : સવારે 6:00 વાગ્યે
**શૂટિંગ :** મહિલાઓની 10 મીટર એર પિસ્તોલ ક્વોલિફિકેશન : સવારે 6:15 વાગ્યે
**શૂટિંગ :** પુરુષોની સ્કીટ વ્યક્તિગત અને ટીમ ક્વોલિફિકેશન : સવારે 6:30 વાગ્યે
**શૂટિંગ :** મહિલા સ્કીટ વ્યક્તિગત અને ટીમ ક્વોલિફિકેશન : સવારે 6:30 વાગ્યે
**કેનો સ્પ્રિન્ટ :** પુરુષોની K4 500 મીટર હીટ 1 : સવારે 6:30 વાગ્યે
**ઘોડેસવારી :** ઇવેન્ટિંગ વ્યક્તિગત ક્રોસ-કન્ટ્રી ફાઇનલ : સવારે 6:30 વાગ્યે
**ટેબલ ટેનિસ :** મિક્સ્ડ ડબલ્સમાં રાઉન્ડ ઓફ 32 : સવારે 6:30 વાગ્યે
**ફેન્સિંગ :** મહિલા ફોઇલ વ્યક્તિગત પૂલ : સવારે 6:30 વાગ્યે
**સ્વિમિંગ :** પુરુષોની 100 મીટર બટરફ્લાય હીટ 2 : સવારે 6:45 વાગ્યે
**કેનો સ્પ્રિન્ટ :** મહિલા કેનો સિંગલ 200 મીટર હીટ 1 : સવારે 6:50 વાગ્યે
**રોઈંગ :** પુરુષોની જોડી હીટ 2 : સવારે 6:50 વાગ્યે
**સ્વિ મિંગ :** પુરુષોની 200 મીટર ફ્રી સ્ટાઇલ હીટ 2 : સવારે 7:03 વાગ્યે
**કેનો સ્પ્રિન્ટ :** મહિલા કાયક ડબલ 500 મીટર હીટ 1 : સવારે 7:10 વાગ્યે
**રોઈંગ :** મહિલા ફોર હીટ 1 : સવારે 7:10 વાગ્યે
**ટેબલ ટેનિસ :** મિક્સ ડબલ્સ રાઉન્ડ ઓફ 32 : સવારે 7:10 વાગ્યે
**ફેન્સિંગ :** પુરુષોના સેબર વ્યક્તિગત પૂલ મુકાબલા : સવારે 8:15 વાગ્યે
**કબડ્ડી :** મહિલા ગ્રુપ A પ્રારંભિક મેચ : સવારે 8:30 વાગ્યે
**બોક્સિંગ :** પુરુષોના 80 કિગ્રા રાઉન્ડ ઓફ 16 : સવારે 8:30 વાગ્યે
**કબડ્ડી :** પુરુષોની ગ્રુપ A પ્રારંભિક મેચ : સવારે 9:45 વાગ્યે
**વેઇટલિફ્ટિંગ :** મહિલાઓની 49 કિગ્રા ફાઇનલ : સવારે 10.00 વાગ્યે
**સ્ક્વોશ :** પુરુષોની સિંગલ્સના રાઉન્ડ ઓફ 32 : સવારે 10:30 વાગ્યે
**કેનો સ્પ્રિન્ટ :** પુરુષોની કાયક ડબલ 500 મીટર હીટ 2 : સવારે 10:40 વાગ્યે
**કેનો સ્પ્રિન્ટ :** મહિલા કેનો ડબલ ૫૦૦ મીટર હીટ 2 : સવારે 11:00 વાગ્યે
**સ્ક્વોશ :** મહિલા સિંગલ્સનો રાઉન્ડ ઓફ 32 : સવારે 11:15 વાગ્યે
**રોઈંગ :** પુરુષોની લાઇટવેઇટ ડબલ સ્કલ્સ હીટ 1 : સવારે 11:20 વાગ્યે
**બેડમિન્ટન :** પુરુષોની ટીમ સેમિફાઇનલ, ભારત વિરુદ્ધ ચીન : સવારે 11:30 વાગ્યે
**હોકી :** મહિલા પૂલ બી મેચ ભારત વિરુદ્ધ થાઇલેન્ડ : સવારે 11:30 વાગ્યે
**સ્ક્વોશ :** મેન્સ સિંગલ્સના રાઉન્ડ ઓફ 32 : બપોરે 12:00 વાગ્યે
**રોઈંગ :** પુરુષોની ક્વાડ્રપલ સ્કલ્સ હીટ 2 : બપોરે 12:10 વાગ્યે
**રોઈંગ :** પુરુષ ફોર હીટ 1 : બપોરે 12:20 વાગ્યે
**વેઇટલિફ્ટિંગ :** મહિલાઓની 53 કિગ્રા ફાઇનલ : બપોરે 1:30 વાગ્યે
**વુશુ :** મહિલા સાન્ડા 60 કિગ્રા સેમી ફાઇનલ : બપોરે 2:30 વાગ્યે

# એશિયાડમાં ગોલ્ડ જીતી મહિલા ક્રિકેટમાં ભારતનું ખંડીય પ્રભુત્વ યથાવત

**ભારતીય** મહિલા ટીમે શ્રીલંકાને 147 રનના વિક્રમી માર્જીનથી હરાવી દેશને 2026 એશિયાડનો પહેલો ગોલ્ડ અપાવ્યો

**સ્મૃતિ,** શેફાલી અને ઋચાની ઇનિંગથી ભારતે વિક્રમી 216 રન બનાવ્યા, શ્રીલંકાનો 69 રનમાં વિંટો વળ્યો




નિશિન, તા. 22 (પીટીઆઇ) : ભારતીય મહિલા ક્રિકેટ ટીમે આજે મંગળવારે અહીં રમાયેલી એકતરફી ફાઈનલમાં પોતાના જૂના પ્રતિદ્વંદ્વી શ્રીલંકાને 147 રને હરાવીને એશિયન ગેમ્સમાં સતત બીજો ગોલ્ડ મેડલ જીતી પોતાનું પ્રભુત્વ ફરી એકવાર સાબિત કર્યું છે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમે ચાલુ એશિયન ગેમ્સમાં ભારતને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. ભારતે શાનદાર બેટિંગના દમ પર શ્રીલંકા સામે 217 રનનો રેકોર્ડ લક્ષ્યાંક મૂક્યો હતો. ભારતીય સ્પિનરોના દબદબા સામે શ્રીલંકાની આખી ટીમ 15.4 ઓવરમાં માત્ર 69 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

ભારત વતી સ્મૃતિ મંધાનાએ 45 બોલમાં 79 રનની શાનદાર ઈનિંગ રમી હતી, તે પછી ઋચા ઘોષે ડેથ ઓવર્સમાં વિસ્ફોટક બેટિંગ કરીને 22 બોલમાં 49 રન કરીને ભારતને 3 વિકેટે 216 રન સુધી પહોંચાડ્યું હતું, જે એશિયન ગેમ્સના ઈતિહાસનો સૌથી મોટો સ્કોર છે. ભારતે આ રેકોર્ડ સ્કોર બનાવ્યા બાદ મેચનું પરિણામ લગભગ નક્કી જ હતું. શ્રીલંકાની તમામ આશાઓ તેમની કેપ્ટન ચમારી અટાપટ્ટુ પર ટકેલી હતી, પરંતુ તે એકલી ભારત સામે લડી શકી નહોતી. શેફાલી વર્માએ 48 રન કરવાની સાથે ત્રણ રનમાં બે વિકેટ ખેરવીને ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું હતું, જ્યારે દીપ્તિ શર્માએ છ રનમાં 3 વિકેટ અને શ્રી ચરણીએ બે વિકેટ ઝડપી હતી. આ અગાઉ દિવસની શરૂઆતમાં રમાયેલી મેચમાં પાકિસ્તાને બાંગ્લાદેશને 31 રને હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. મહિલા ટીમની આ સફળતા બાદ હવે પુરુષ ક્રિકેટ ટીમ પાસેથી પણ પોતાનો ખિતાબ જાળવી રાખવાની અપેક્ષા રાખવામાં આવશે.

# બેડમિન્ટનમાં ભારતીય પુરૂષ ટીમે જાપાનને હરાવી મેડલ પાકો કર્યો

**પરુષ** ટીમે જાપાનને 3-0થી હરાવ્યું, મહિલા ટીમ જાપાન સામે 1-3થી હારીને સ્પર્ધા બહાર થઇ



નાગોયા, તા. 22 (પીટીઆઇ) : લક્ષ્ય સેનની શાનદાર વાપસી વચ્ચે ભારતીય પુરૂષ બેડમિન્ટન ટીમે મંગળવારે અહીં એશિયન ગેમ્સની ક્વાર્ટર ફાઈનલમાં જાપાનને હરાવીને શ્રેષ્ઠ પ્રદર્શન કરીને પોતાનો મેડલ પાકો કર્યો. જોકે, યજમાન જાપાન સામે જ 1-3 થી હાર્યા બાદ મહિલા ટીમ સ્પર્ધામાંથી બહાર થઈ ગઈ હતી.

ગત એડિશનની સિલ્વર મેડલિસ્ટ ભારતીય પુરૂષ ટીમ તરફથી આ એક અદ્દભૂત પ્રદર્શન હતું, જેમાં લક્ષ્ય સેન, સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી-ચિરાગ શેટ્ટી અને આયુષ શેટ્ટીની જીત સામેલ હતી. સતત શરુઆતી હારના કારણે ઓછા આત્મવિશ્વાસ સાથે ટૂર્નામેન્ટમાં આવેલો લક્ષ્ય સેન પ્રથમ ગેમ હારી ગયા બાદ અને નિર્ણાયક ગેમમાં 14-19 થી પાછળ રહ્યા બાદ હારના આરે હતો. પરંતુ, તેણે પોતાની ક્ષમતા સાબિત કરી અને સતત સાત પોઈન્ટ મેળવીને વર્લ્ડ નંબર સાત અને બે વારના વર્લ્ડ ચેમ્પિયનશિપ સિલ્વર મેડલિસ્ટ કોડાઈ નારાઓકાને 11-21, 21-5, 21-19 થી હરાવીને ભારતને 1-0 ની સરસાઈ અપાવી. પ્રથમ ડબલ્સ રમતા, આ સીઝનમાં 2 ટાઇટલ જીતનાર સાત્વિક અને ચિરાગે પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન હોકી તકુરો અને કોબાયાશી યુગો સામે 21-18, 24-22 થી જીત મેળવીને ભારતની સરસાઈ 2-0 કરી દીધી. ત્યારબાદ, આ વર્ષની બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપના ફાઈનલિસ્ટ આયુષે પ્રભાવશાળી પ્રદર્શન કરતા વર્લ્ડ નંબર 16 કોકી વાતાનાબેને 21-10, 21-19 થી હરાવીને મેચની સાથે ભારત માટે મેડલ પણ પાકો કર્યો.

આ જીતે દિવસની શરુઆતમાં મહિલા ટીમની હારથી છવાયેલી નિરાશાને કંઈક અંશે દૂર કરી દીધી. વર્લ્ડ ચેમ્પિયનશિપની બ્રોન્ઝ મેડલ વિજેતા જોડી ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદે શાનદાર પ્રદર્શન કર્યું હતું, પરંતુ સિંગલ્સ ખેલાડીઓ નિષ્ફળ રહ્યા હતા, જેના કારણે ક્વાર્ટર ફાઇનલમાં જાપાન સામે 1-3 થી હારીને મહિલા ટીમ આ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી.

# જુગરાજ, અભિષેક અને દિલપ્રીતની હેટ્રિકથી ભારતે શ્રીલંકાને 16-1થી હરાવ્યું

**જુગરાજે** ચાર ગોલ કર્યા, કેપ્ટન હરમનપ્રીતે બે જ્યારે મનદીપ, સુખજીત, મનપ્રીત અને વિવેક સાગરે 1-1 ગોલ કર્યો



કાકામિગહારા, તા. 22 (પીટીઆઈ) : ડ્રેગ-ફ્લિકર જુગરાજ સિંહ, સ્ટ્રાઈકર અભિષેક અને દિલપ્રીત સિંહની હેટ્રિકની મદદથી ભારતીય પુરુષ હોકી ટીમે મંગળવારે અહીં એશિયન ગેમ્સની બીજી પૂલ A મેચમાં શ્રીલંકાને 16-1થી હરાવ્યું. ભારતે અગાઉ ઈન્ડોનેશિયાને 13-1થી હરાવ્યું હતું.

ભારત વતી જુગરાજે 10મી, 22મી, 42મી અને 53મી મિનિટે એમ ચાર ગોલ કર્યા જ્યારે અભિષેકે 11મી, 17મી, 49મી અને દિલપ્રીતે 30મી, 38મી, 55મી મિનિટે ત્રણ-ત્રણ ફિલ્ડ ગોલ કર્યા હતા. આ સિવાય કેપ્ટન હરમનપ્રીત સિંહ 16મી, 45મી, મનદીપ સિંહે પાંચમી, સુખજીત સિંહે 29મી, મનપ્રીત સિંહે 31મી અને વિવેક સાગર પ્રસાદે 36મી મિનિટે ગોલ કર્યા હતા. શ્રીલંકાનો એકમાત્ર ગોલ સુરેશ રત્નાયકે 50મી મિનિટે કર્યો હતો, જે એશિયન ગેમ્સના ઈતિહાસમાં ભારત સામેનો તેમનો પહેલો ગોલ હતો. ભારત હવે ગુરુવારે તેની આગામી મેચમાં દક્ષિણ કોરિયા સામે રમશે. અપેક્ષા મુજબ, ભારતીય ટીમે શરૂઆતથી જ પ્રભુત્વ મેળવ્યું અને નબળી ગણાતી શ્રીલંકાની ટીમ સામે રમત પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું.

## કબડ્ડીમાં દક્ષિણ કોરિયાને હરાવીને ભારતીય પુરુષ ટીમ ગ્રુપમાં ટોચ પર

નાગોયા, તા. 22 : ભારતીય પુરુષ કબડ્ડી ટીમે મંગળવારે એશિયન ગેમ્સમાં ગ્રુપ-એની મેચમાં દક્ષિણ કોરિયાને 63-31 થી હરાવીને પોતાનું શાનદાર પ્રદર્શન ચાલુ રાખ્યું છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતની આ સતત બીજી જીત છે અને તેઓ ગ્રુપમાં ટોચના સ્થાને પહોંચી ગયા છે. ભારત હવે બુધવારે બાંગ્લાદેશ સામે અને ત્યારબાદ ગુરુવારે પોતાની છેલ્લીમેચમાં ચાઈનીઝ તાઈપેઈ સામે ટકરાશે. ભારતે મેચની શરૂઆતથી જ દબદબો બનાવી રાખ્યો હતો. પ્રથમ હાફ સુધી ભારતે 34-14 ની લીડ મેળવી લીધી હતી, જે બાદ બીજા હાફમાં પણ 29-17 નું પ્રદર્શન કરીને પોતાની સરસાઈ વધુ મજબૂત કરી હતી. ભારતે સફળ રાઈડ્સ દ્વારા 38 પોઈન્ટ્સ, 17 બોનસ પોઈન્ટ્સ, ઓલ-આઉટથી 6 પોઈન્ટ્સ અને સુપર ટેકલથી 2 પોઈન્ટ્સ મેળવ્યા હતા. જ્યારે સામે પક્ષે વિરોધી ટીમના આઉટ થવાથી 23 પોઈન્ટ્સ અને 8 બોનસ પોઈન્ટ્સ આપ્યા હતા. ભારતે ગ્રુપની પ્રથમ મેચમાં યજમાન જાપાન સામે 49-24 થી ધમાકેદાર જીત મેળવીને પોતાના ખિતાબ બચાવવાની શરૂઆત કરી હતી.

# વરસાદથી પ્રભાવિત ટી-20માં ભારત જાપાન સામે હારતા બચ્યું

**વરસાદને** કારણે પાંચ-પાચ ઓવરની કરાયેલી મેચમાં ભારતે 4 વિકેટે 32 રન બનાવ્યા

**અક્ષરની** અંતિમ ઓવરમાં પાંચ જ રન આવતા જાપાન ત્રણ વિકેટે 30 રન સુધી સિમિત રહ્યું

**પ્રેક્ષકોએ** મેચ બાદ જાપાની ટીમને તાળીઓથી વધાવી, જાપાની ક્રિકેટર્સે ભારતીય ખેલાડીઓ સાથે સેલ્ફી લીધી



સાનો, તા. 22 (પીટીઆઇ): અનુભવી સ્પિનર અક્ષર પટેલે બિનઅનુભવી જાપાની બેટ્સમેનોને છેલ્લી ઓવરમાં આઠ રન ન કરવા દેતા આજે મંગળવારે અહીં વરસાદથી પ્રભાવિત એકમાત્ર ટી-20 ઈન્ટરનેશનલ મેચમાં ભારત હારના આરે પહોંચ્યા પછી બેરને જીત મેળવવામાં સફળ રહ્યું હતું. ખરાબ હવામાનના કારણે મેચ 5-5 ઓવરની કરી દેવામાં આવી હતી. પિચ પરના ભેજને કારણે અપેક્ષા કરતાં વધુ ટર્ન મળી રહ્યો હતો, જેનાથી બંને ટીમો વચ્ચેનો અનુભવ અને પ્રતિભાનો તફાવત ઓછો થઈ ગયો હોય તેવું લાગતું હતું. ભારતીય ટીમ પાંચ ઓવરમાં કુલ 3 બાઉન્ડ્રીની મદદથી ચાર વિકેટે માત્ર 32 રન જ બનાવી શકી હતી, જેની સામે જાપાન ત્રણ વિકેટે 30 રન સુધી સિમિત રહ્યું હતું. મેચના અંતે સ્ટેડિયમમાં હાજર મોટી સંખ્યામાં ફેન્સે જાપાનની ટીમને ઊભા થઈને તાળીઓથી વધાવી લીધી હતી. જાપાની ખેલાડીઓ પણ વિશ્વ ક્રિકેટના દિગ્ગજો સાથે સેલ્ફી લેવા અને પોતાની જર્સી પર ઓટોગ્રાફ લેવા આવ્યા હતા. જસપ્રીત બુમરાહ મેચ રમી રહ્યો ન હોવા છતાં તેની પાસે ઓટોગ્રાફ અને ફોટા માટે ભારે માગ હતી. જાપાનના એક ખેલાડીને અભિષેક શર્મા પાસેથી સહી કરેલી ભારતીય જર્સી મળી હતી, જ્યારે ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે પણ યજમાન ટીમના ખેલાડીઓનું પ્રોત્સાહન વધાર્યું હતું.

## બોક્સિંગમાં સાક્ષીએ ઓલિમ્પિક્સ મેડલિસ્ટને હરાવી અપસેટ કર્યો, જદુમણિ પણ જીત્યો



નિશિયો, તા. 22 : ભારતીય બોક્સર સાક્ષી ચૌધરીએ આજે મંગળવારે ફિલિપાઇન્સની પેરિસ ઓલિમ્પિક્સ બ્રોન્ઝ મેડલિસ્ટ આયરા વિલેગાસને મહિલાઓની 51 કિગ્રા કેટેગરીમાં 5-0 થી હરાવીને મોટો અપસેટ કરીને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જ્યારે જદુમણિ સિંહ (55 કિગ્રા) પણ એશિયન ગેમ્સમાં પુરુષોની કેચેગરીમાં જીતીને આગળ વધ્યો હતો. ભિવાનીની 26 વર્ષીય બોક્સર સાક્ષીએ પોતાની ઊંચાઇ અને સારી પહોંચનો ઉપયોગ કરીને શરૂઆતથી જ વિલેગાસને દૂર રાખીને તેને પ્રભુત્વ મેળવવા દીધું નહોતું. જદુમણીએ પણ નેપાળના ચંદ્ર બહાદુર થાપા સામે 5-0થી શાનદાર જીત સાથે પોતાના અભિયાનની શરૂઆત કરી અને અંતિમ 16માં સ્થાન મેળવ્યું જ્યાં તેનો સામનો ફિલિપાઇન્સના ટોક્યો ઓલિમ્પિક્સના સિલ્વર મેડલિસ્ટ કાર્લો પાલમ સામે થશે.

## રોશીબીના દેવીએ વુશુ સેમીમાં પહોંચીને મેડલ પાકો કર્યો. હંજાબામ દેવી અને આર્યન હાર્યા



નાગોયા, તા. 22 : રોશીબીના દેવી નાઓરેમે આજે મંગળવારે એશિયન ગેમ્સમાં મહિલાઓની 60 કિગ્રા વુશુ કેટેગરીની સેમી ફાઇનલમાં પહોંચીને ભારત માટે મેડલ સુનિશ્ચિત કર્યો. તેણે ક્વાર્ટર ફાઇનલમાં મકાઉની ચુ મેન સિનને હરાવી હતી. સ્પર્ધાની છેલ્લી બે એડિશનમાં અગાઉ સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીતનાર રોશિબીનાને આઈચી પ્રીફેક્ચરલ માર્શલ આર્ટ્સ હોલમાં મકાઉની તેની પ્રતિસ્પર્ધી સામે પોઈન્ટ તફાવતના આધારે વિજેતા જાહેર કરવામાં આવી હતી. હંજાબામ લેંગલેન્ટોમ્બી દેવી મહિલા નાનક્વાન અને નંદાઓ ફાઇનલમાં 9.403 ના સ્કોર સાથે નવમા સ્થાને રહી. તેણે એક્ટીવિટીની ગુણવત્તામાં 4.85, એકંદર પ્રદર્શનમાં 2.703 અને મુશ્કેલીની ડિગ્રીમાં 1.85 નો સ્કોર કર્યો. દરમિયાન, આર્યન પુરૂષોની 56 કિગ્રા સાંડા સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં ઉઝબેકિસ્તાનના સૈદુલો અબુરાશિતોવ સામે 1-2 (5-0 0-5 0-5)થી હારી ગયો હતો.

## સુડોકુ ૬૬૩૫ 'ક્રુટિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | ૬ | ૭ | | ૫ | | |
| ૨ | | ૩ | | | ૫ | ૭ | | |
| | ૫ | ૭ | ૨ | ૮ | | | | ૧ |
| ૪ | ૬ | ૫ | | ૩ | | | ૭ | |
| | | | ૫ | | | | ૯ | |
| | ૩ | ૧ | | | | ૬ | ૪ | ૫ |
| | ૪ | | | ૯ | | ૨ | ૫ | ૭ |
| | ૭ | | | ૫ | | | | |
| | | ૯ | | | | ૩ | ૧ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ઈંદ્રિયની નબળાઈ

પીપળાના ફળ, મૂળની છાલ, કુમળા પાન, અગ્ર કલિકા સરખા ભાગે લઈ સૂકવી, વાટી ચૂર્ણ કરવું. રોજ સવાર અને સાંજે, 5 ગ્રામ ચૂર્ણ સાકર, મધ અને દૂધ સાથે લેવું.

## અનુસંધાન... પાના પહેલાનું

### અનંત નાગને...

ચેમ્પિયન' માટે કાર્તિક આર્યનને સંયુક્ત રીતે શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવ્યો હતો. 'આર્ટિકલ 370' ફિલ્મે શ્રેષ્ઠ ફિલ્મ, શ્રેષ્ઠ અભિનેત્રી અને શ્રેષ્ઠ સંગીત નિર્દેશન સહિત કુલ 3 રાષ્ટ્રીય પુરસ્કારો પોતાના નામે કર્યા હતા. તમિલ ફિલ્મ 'અમરન' માટે રાજકુમાર પેરિયાસામીને શ્રેષ્ઠ દિગ્દર્શકનો એવોર્ડ મળ્યો હતો. જ્યારે અભિનેતામાંથી દિગ્દર્શક બનેલા રણદીપ હૂડાને તેમની ફિલ્મ 'સ્વાતંત્ર્ય વીર સાવરકર' માટે શ્રેષ્ઠ ડેબ્યૂ ડિરેક્ટરનો પુરસ્કાર એનાયત કરાયો હતો. ગુજરાતી સિનેમા ક્ષેત્રે અભિષેક જૈન દિગ્દર્શિત ફિલ્મ 'મારણ'ને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. અન્ય પુરસ્કારોમાં સંજય મિશ્રાને ફિલ્મ 'ભક્ષક' માટે શ્રેષ્ઠ સહાયક અભિનેતા અને સેયના નામિદાસને તમિલ ફિલ્મ 'મહારાજા' માટે શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો. 'સ્ત્રી 2'ના પ્રખ્યાત ગીત 'આજ કી રાત' માટે વિજય ગંગુલીને શ્રેષ્ઠ કોરિયોગ્રાફી અને ફિલ્મ 'મેદાન'ના 'જાને દો' ગીત માટે મનોજ મુન્તશિરને શ્રેષ્ઠ ગીતકારનો એવોર્ડ મળ્યો હતો. સુમિરા રોય નિર્દેશિત 'ભંગાર'ને શ્રેષ્ઠ નોન-ફીચર ફિલ્મ જાહેર કરવામાં આવી હતી.

### રાજ્યસભાની 12...

સિંહ, નીરજ શેખર અને સપાના રામગોપાલ યાદવનો સમાવેશ થાય છે. ઉત્તરાખંડની એક બેઠક પર શાસક ભાજપના નરેશ બંસલ નિવૃત્ત થઈ રહ્યા છે, જ્યાં ભાજપની જીત નક્કી માનવામાં આવે છે. આ ચૂંટણી માટે 29 સપ્ટેમ્બરે નોટિફિકેશન બહાર પડશે. 6 ઓક્ટોબર સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે અને 16 ઓક્ટોબરે મતદાન તથા મતગણતરી હાથ ધરાશે.

### દિલ્હી ડાયરી...

દિલ્હીના પૂર્વ મંત્રી કૈલાસ ગહેલોત અને નવી દિલ્હી મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા લોકસભા સાંસદ બાંસુરી સ્વરાજ સામેલ છે. દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારી (સીઈઓ) એ ગઈ કાલે સ્પષ્ટ કર્યું હતું કે, નોટિસો મળવાનો અર્થ એ નથી કે મતદારનું નામ મતદાર યાદીમાંથી રદ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું, "ઈસીઆઈએનઈટીમાં તેમનો ડેટા સુધારવા માટે ઉપરોક્ત શ્રેણીઓ માટે સિસ્ટમ-જનરેટેડ નોટિસો જારી કરવામાં આવી રહી છે."

**વાયએસઆર કોંગ્રેસની દિલ્હી ઓફિસમાં ફેરફારો**

આંધ્ર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વાય. એસ. જગન મોહન રેડ્ડીના નેતૃત્વ હેઠળની વાયએસઆર કોંગ્રેસની સેન્ટ્રલ દિલ્હી સ્થિત ઓફિસમાં ચૂપચાપ થઈ રહેલા નવીનીકરણને લઈને નવી દિલ્હીના રાજકીય કોરિડોરમાં ચર્ચાઓ પૂરજોશમાં છે. તેમણે તેમના પિતા (જેઓ હવાઈ અકસ્માતમાં અવસાન પામેલા પૂર્વ મુખ્યમંત્રી હતા) રાજશેખર રેડ્ડીના અવસાન બાદ આ પાર્ટીની સ્થાપના કરી હતી. પક્ષની નજીકના સૂત્રોએ જણાવ્યું કે, ભાજપની આગેવાની હેઠળના શાસક નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) સાથે અહેવાલો મુજબના સંબંધો બગડ્યા પછી જગન રેડ્ડીના જૂથે પોતાની ટીમ કામે લગાડી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે જગન રેડ્ડીની પાર્ટીને હરાવીને મુખ્યમંત્રી બનેલા એન. ચંદ્રબાબુ નાઈડુની આગેવાની હેઠળની તેલુગુ દેશમ પાર્ટીને એનડીએમાં સામેલ કર્યા પછી તેમણે ગઠબંધન છોડી દીધું હતું. જગન રેડ્ડીના એનડીએ સાથેના સંબંધો તોડ્યા પછી તેની પહેલી ચીજ જે બદલી એ રંગ હતો. વાયએસઆર કોંગ્રેસની ઓફિસના સ્થળથી પરિચિત લોકોના જણાવ્યા અનુસાર, ગઠબંધન સમયે લટકતા ભગવા રંગના પડદાઓ ઉતારવામાં આવી રહ્યા છે. તેના સ્થાને આયોજકો વાદળી રંગની સજાવટ કરી રહ્યા હોવાનું કહેવાય છે, પાર્ટીના આંતરિક સૂત્રોનું કહેવું છે કે તે માત્ર એક સામાન્ય ફેરફાર છે.

**સંસદ ભવન પરિસરમાં સીપીડબ્લ્યુડી દ્વારા મરામતનું કામ**

ભલે રાજકીય પક્ષો અને તેમના નેતાઓ હજી પણ સરકાર દ્વારા સીમાંકન બિલ લાવવાની શક્યતા વિશે અટકળો લગાવી રહ્યા હોય- સંસદનું ચોમાસુ સત્ર ૧૩ ઓગસ્ટે સ્થગિત થવા છતાં હજી સુધી સત્ર સમાપ્ત થયું નથી - પરંતુ સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (સીપીડબ્લ્યુડી) માટે કામકાજ સામાન્ય રીતે ચાલી રહ્યા છે, જેણે સંસદ ભવન પરિસરને શણગારવાનું શરૂ કરી દીધું છે. સીપીડબ્લ્યુડી સામાન્ય રીતે સત્રો વચ્ચે સંસદ સંકુલમાં કોઈપણ નવીનીકરણ અથવા સમારકામનું કામ હાથ ધરે છે. એવું જાણવા મળ્યું છે કે, તેણે આ મહિને કોરિડોરની અંદર સાઇનબોર્ડ લગાવવાનું, આંતરિક રસ્તાઓનું સમારકામ કરવાનું અને અન્ય નાના સુધારાઓ કરવાનું કામ શરૂ કરી દીધું છે.

## આજનું પંચાંગ

**તા. 23/09/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિઃ** સુદ: બારસ: 22:51, વામન જયંતી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો: 01
**યોગ :** સુકર્મા **કરણઃ** બવ
**નક્ષત્ર :** શ્રાવણ: 9.09 પછી ધનિષ્ઠા
**રાશિઃ** મકર (ખ.જ.) 21:57 પછી કુંભ (ગ,સ,શ,ષ)
**દિવસ :** શુભ - શ્રાવણ દ્વાદશી
**સુરતમાં સૂર્યોદય :** 06:29 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:33
**નવકારસી :** 07:17
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 10મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448, રબિઉલ આખર માસનો 11મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે: 12.00 થી 13.30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** વેપાર ધંધામાં હરીફોથી સાવધાન રહેવું. આર્થિક રીતે નવી યોજના બને. આવક વધારવાની તક મળે.
**વૃષભ (બ,વ,ઉ,):** બુધ્ધિ કૌશલ્ય અને હાજર જવાબીપણુ અટકેલા કામમા ગતિ લાવશે. વિદેશના કામમા કાયદાકીય મદદ મળે.
**મિથુન (ક,છ,ઘ,):** ઉધાર દેવા-દેવાનુ ટાળવુ. વેપાર-ધંધામાં નવી તક ઊભી થાય. પારિવારીક સમસ્યા સતાવે.
**કર્ક (ડ,હ,):** હાથ પરના કામ ધીરજપૂર્વક કરવો. સહકર્મીઓ પ્રતિકુળતા પેદા કરશે. અચાનક સફળતા મળે.
**સિંહ (મ,ટ,):** નોકરીમાં જવાબદારી વધે. વડીલોના પ્રશ્નો અને ખર્ચા વધે. હરીફોની હેરાનગતિ વધે.
**કન્યા (પ,ઠ,ણ,):** મોજ-શોખ પાછળ ખર્ચા વધે. પ્રવાસ થાય. તેમજ આવક વધારવાની યોજના પાર પડશે.
**તુલા (ર,ત,):** જમીન-મકાન ખરીદ વેચની યોજાનામા પ્રગતિ થાય. નોકરીમા નવી તક મળે ઊભી થાય. આવક વધે.
**વૃશ્ચિક (ન,ય,):** મહેનત અને લગતનુ ફળ મળે. અટકેલા કામ કે પ્રોજેક્ટ આગળ વધે. આર્થિક પ્રગતિથી ઉત્સાહ વધે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** આવક વધે. નવા રોકાણ થાય. કુટુંબમા દોડધામ રહે. પારિવારીક સમસ્યાથી અશાંતિ વધશે.
**મકર (ખ,જ,):** શુભ સમાચાર મળે. પ્રવાસમા વિઘ્નો આવે. નોકરીમા જવાબદારી વધે. પડવા-વાગવાથી સાવધાન.
**કુંભ (ગ,સ,શ,ષ,):** ગુપ્તભય સતાવે. કોર્ટ, કચેરીમ) મદદ મળે. લેવા-દેવામાં ધ્યાન રાખવું. ધાર્મિક પ્રવાસ થાય.
**મીન (દ,ચ,ઝ,થ,):** ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાત મળવાથી અચાનક અટકેલા કામ પાર પડે. નવા રોકાણ સરળ બને.

## કોઈ પણ સાલમાં 23 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું ચડપી -પડતીવાળુ રહેશે. નોકરીમાં બદલી નવા ફેરફાર હરિફો અને કાર્ય યોજનાનો સામનો વધશે. આર્થિક બાબતે સામાન્ય રહે. વેપાર-ધંધામા સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આરોગ્ય નરમ રહે. સમાજમાં સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહ થાય.. પ્રેમ વિવાહમા વિઘ્નો આવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમા ચડતી પડતી રહે. સંતાનોના અભ્યાસ કેરીયરમા પ્રગતિ થાય. મિત્રો-વડીલોની મદદ આવક વધારવાની યોજનામા મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ પાર પડશે. આધુનિક ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવાથી નવુ શિખવા મળે.નવા ઘર, વાહન, મકાન વગેરેની યોજના પાર પડશે. વિદેશના કામ ધીમા પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ, શુક્રવાર 5,14,23 તારીખે નવા કામ કરવા. લીલા રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઇ 7,16,25 તારીખે શનિવારે નવા કામ ટાળવો. કાળો અને લાલ રંગનો ઉપયોગ ઓછો કરવો. બુધવારના ઉપાય કરતા રહેવું